ક્રિમીનલ કેસ નં.૪૧૧૬૫/૨૦૨૪
ચોથા અધિક સિવિલ જજ અને ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત

કેસ રજી.લીધાની તારીખ:– ૨૭–૦૨–૨૦૨૪
ઠરાવ જાહેર કર્યાનીતારીખ:– ૨૬–૦૭–૨૦૨૪
અવધિ:– ૦૪–માસ ૨૯–દિવસ

**<u>સુરતનાં ચોથા એડીશનલ સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં</u>**

ક્રિમીનલ કેસ નં.૪૧૧૬૫/૨૦૨૪

<u>ફરિયાદી</u> :– શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

<u>આરોપી</u>:– ઈન્દર કાલુરામ પુરોહીત
રહે. ઘર નં.૨૪, પરમહંસ સોસાયટી, તુલસીભાઈના મકાનમા,
ત્રિકમનગર, વરાછા, સુરત.
મુળ ગામ : મામમાવલી, પોસ્ટ–કાલંદ્રી, તા.જી. સિરોહી, (રાજસ્થાન)

**<u>ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૦, ૫૦૧, ૨૯૪ (ખ), ૨૦૧ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબ</u>**

| |
|---|
| સરકારશ્રી તરફે :–સરકારી વિધ્વાન વકીલશ્રી<br>આરોપીઓ તરફે:–વિ.વકીલ શ્રી એસ.એ.બદુડા |

**–: <u>ચુ કા દો</u> :–**

**(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના આરોપી આજથી પાંચ વર્ષ અગાઉ ફરીયાદીની બહેન સાહેદ સેજલબેન તે વિવેક પટેલની પત્ની અને મિથલાસન તિવારીની દિકરી ઉ.વ.૨૩ સાથે પ્રેમ સંબંધ રાખી ફરીયાદીની બહેન સ ેજલ સાથે લગ્ન ઈન્કાર કરતા ફરીયાદીની બહેન સેજલે તેની સાથે સંપર્ક કરવાનુ છોડી દીધેલ હોવા છતા તેણે "rashami_saho123" અને "pooja_vaghasiya1212" ના

નામથી ફેક ઈન્સ્ટગ્રામ આઈ.ડી બનાવી તેમા ફરીયાદીની બહેન સેજલના ફોટા અને બિભત્સ વિડીયો અપલોડ કરી તેણીના પતિને મેસેજ કરી બદનામ કરેલ હોય જે બાબતે આરોપી ઈન્દર કાલુરામ પુરોહીત વિરુધ્ધમા ગોડાદરા પો.સ્ટે. ગુના રજી. નં . ૧૧૨૧૦૦૬૪૨૩૦૧૦૧/૨૦૨૩ ઈ.પી.કો. કલમ–૫૦૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ ની કલમ–૬૬ (સી) ૬૬(ઈ), ૬૭ મુજબનો ગુનો દાખલ કરેલ હોય જે ગુનો નામદાર કોર્ટમા પેન્ડીંગ હોવાછતા આ ઈન્દર કાલુરામ પુરોહીતએ ફરીથી તા.૨૨/૧૧/૨૦૨૩ ના કલાક ૨૧/૦૦ વાગ્યા બાદથી ફરીયાદીની બહેનને બદનમ કરવાના ઈરાદે તેણીના પતિ સાહેદ વિવેકભાઈ પટેલને મેસેજ કરી ફરીયાદીની બહેન સ ેજલ વિશે ગંદી ગંદી ગાળો બોલી, "mitali_desai123" ના નામથી ફરીથી બીજી ફેક આઈડી બનાવી આ આઈ.ડી.ની સ્ટોરીમા ફરીયાદીની બહેન સેજલના બિભત્સ વીડીયો અપલોડ કરી બીજા બિભત્સ વીડીયો થોડા દિવસમા અપલોડ કરવા અંગેની સ્ટોરી મુકી આ આઈ.ડી. ધ્વારા ફરીયાદીના ભાઈના મીત્રોને ફ્રેન્ડ (ફોલોઅર્સ) બનાવી ફરીયાદીને પણ અભદ્ર ભાષામા મેસેજ કરી સ્ટોરી જોવા અંગે જણાવી ફરીયાદીને તથા ફરીયાદીની બહેન સેજલને ગાળો આપી ફરીયાદીના વતનમા પણ બદનામ કરી દેવાની ધમકી આપી પોતે બનાવતી વખતે ઉપયોગમા લીધેલ ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન ફેંકી દઈ પુરાવાનો નાશ કરી **ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૦, ૫૦૧, ૨૯૪ (ખ), ૨૦૧, આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબનો** ગુનો કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી:**

(૨.૧) આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ ના પ્ર બંધો મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ આ કામના આરોપી વિરુધ્ધ તહોમતનામુ આંક–૬ થી ઘડવામાં આવેલ અને આંક–૭ થી પ્લી નોંધી તેમાં કરવામાં આવેલા આક્ષેપોની સમજુતી આપી આરોપીનુ

નીવેદન નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે જેથી ફરીયાદપક્ષે પોતાનો પુરાવો રજુ કરેલ છે.

(૨.૨) ફરિયાદ પક્ષે આંક–૧૨ થી કલોઝિંગ પુરસીસથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ફરીયાદીપક્ષ ધ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કેસમાં આરોપીનુ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ઉપ્લબ્ધ ન હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલ. વિ. એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે ફરીયાદ પક્ષે આરોપી સમક્ષ આક્ષેપિત ગુનાઓને નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે જયારે આરોપી તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ કે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેઓના કેસ માં શંકા ફલિત થાય છે.

(૨.૩) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલાં છે :

**–::<u>મૌખિક પુરાવો</u> ::–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદી કાજલ મીથીલાશરણ તિવારીની જુબાની |
| ૨ | ૧૦ | સાહેદ સેજલ વિવેક પટેલની જુબાની |

**–::<u>દસ્તાવેજી પુરાવો</u>::–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદ |

## (૩) મુદાઓ:

સદર કામે બંને પક્ષની દલીલો તથા રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ને ધ્યાને લેતા નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૩.૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, સદર કામના આરોપી આજથી પાંચ વર્ષ અગાઉ ફરીયાદીની બહેન સાહેદ સેજલબેન તે વિવેક પટેલની પત્ની અને મિથલાસન તિવારીની દિકરી ઉ.વ.૨૩ સાથે પ્રેમ સંબંધ રાખી ફરીયાદીની બહેન સેજલ સાથે લગ્ન ઈન્કાર કરતા ફરીયાદીની બહેન સેજલે તેની સાથે સંપર્ક કરવાનુ છોડી દીધેલ હોવા છતા તેણે "rashami_saho123" અને "pooja_vaghasiya1212" ના નામથી ફેક ઈન્સ્ટગ્રામ આઈ.ડી બનાવી તેમા ફરીયાદીની બહેન સેજલના ફોટા અને બિભત્સ વિડીયો અપલોડ કરી તેણીના પતિને મેસેજ કરી બદનામ કરેલ હોય જે બાબતે આરોપી ઈન્દર કાલુરામ પુરોહીત વિરુધ્ધમા ગોડાદરા પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૧૦૦૬૪૨૩૦૧૦૧/૨૦૨૩ ઈ.પી.કો. કલમ-૫૦૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ-૨૦૦૮ ની કલમ-૬૬ (સી) ૬૬(ઈ), ૬૭ મુજબનો ગુનો દાખલ કરેલ હોય જે ગુનો નામદાર કોર્ટમા પેન્ડીંગ હોવાછતા આ ઈન્દર કાલુરામ પુરોહીતએ ફરીથી તા.૨૨/૧૧/૨૦૨૩ ના કલાક ૨૧/૦૦ વાગ્યા બાદથી ફરીયાદીની બહેનને બદનમ કરવાના ઈરાદે તેણીના પતિ સાહેદ વિવેકભાઈ પટેલને મેસેજ કરી ફરીયાદીની બહેન સેજલ વિશે ગંદી ગંદી ગાળો બોલી, "mitali_desai123" ના નામથી ફરીથી બીજી ફેક આઈડી બનાવી આ આઈ.ડી.ની સ્ટોરીમા ફરીયાદીની બહેન સેજલના બિભત્સ વીડીયો અપલોડ કરી બીજા બિભત્સ વીડીયો થોડા દિવસમા અપલોડ કરવા અંગેની સ્ટોરી મુકી આ આઈ.ડી. ધ્વારા ફરીયાદીના ભાઈના મીત્રોને ફ્રેન્ડ (ફોલોઅર્સ) બનાવી ફરીયાદીને પણ અભદ્ર ભાષામા મેસેજ કરી સ્ટોરી જોવા અંગે જણાવી ફરીયાદીને તથા ફરીયાદીની બહેન સેજલને ગાળો આપી ફરીયાદીના વતનમા પણ બદનામ કરી દેવાની

ધમકી આપી પોતે બનાવતી વખતે ઉપયોગમા લીધેલ ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન ફેંકી દઈ પુરાવાનો નાશ કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૦, ૫૦૧, ૨૯૪ (ખ), ૨૦૧, આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબનો મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૩.૨) શું હુકમ?

**(૪) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:–**

(૪.૧) નકારમાં,

(૪.૨) આખરી હુકમ મુજબ.

**(૫) કાયદાકીયબિંદ, પુરાવાનું મુલ્યાંકન અને નિર્ણયના કારણો:**

(૫.૧) આંક–૮ થી ફરીયાદી કાજલ મીથીલાશરણ તીવારીનાએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઉપરોકત જણાવેલ સરનામે તેઓના પરીવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે, તેઓના પરીવારમા તેઓના માતા પીતા તેમજ તેઓને બે બહેનો અને એક ભાઈ છે જેમા સૌથી મોટી બહેન સેજલબેન છે જેઓના લગ્ન થઈ ગયેલ છે અને તેનાથી નાની તેઓ છે અને તેઓથી નાનો ભાઈ મુકેશ છે. સદર સાહેદે જણાવેલ કે, ગઈ તા.૧૬/૧/૨૦૨૩ ના રોજ તેઓની બહેન સેજલ તેની સાસરી ડીંડોલીથી તેઓના ઘરે ગોડાદરા ખાતે રહેવા સારૂ આવેલ તે વખતે કોઈ ઈસમે આઈ.ડી. બનાવી તેઓની બહેનના કઈક મેસેજ વાયરલ કરેલા જે બાબતે તેઓની બહેન સેજલે ગોડાદરા પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલી. ત્યારબાદ તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતી તે વખતે રાત્રીના નવેક વાગ્યે તેઓની બહેન સેજલે તેઓને ફોન કરીને તેના પર કોઈ ઈસમ મેસેજ કરે છે તેમ જણાવેલ અને ત્યારબાદ તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ તેઓના ઘર હાજર હતી

તે વખતે એક ઈસમ રાત્રીના પોણા નવેક વાગ્યે તેઓની પાસે આવેલ અને તેઓની બહેન બાબતે મેસેજ કરવા બાબતે જણાવતા તેઓએ બનાવ બાબતની ફરીયાદ ગોડાદરા પોલીસ સ્ટેશનમા આપેલી.

સરતપાસની જુબાનીમા ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા, પરવાનગી આપતા, સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ કે છે કે, બનાવ વિશે તેઓને કોઈ જાત માહીતી નથી. વધુમા સદર સાહેદે સ્વીકારેલ છે કે, તેઓની બહેનના કોઈપણ આપતીજનક વીડીઓ કે ફોટો તેઓએ જોયેલા નથી

(૫.૨) આંક–૧૦ થી સાહેદ સેજલ વિવેક પટેલે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઉપરોકત જણાવેલ સરનામે તેઓના પરીવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે, તેઓના પરીવારમા તેઓના માતા પીતા તેમજ તેઓને બે બહેનો અને એક ભાઈ છે જેમા સૌથી મોટી તેઓ છે અને તેઓના લગ્ન થઈ ગયેલ છે અને તેઓથી નાની કાજલ છે અને તેનાથી નાનો ભાઈ મુકેશ છે. સદર સાહેદે પોતાની જુબાનીમા જણાવેલ કે ગઈ તા.૧૬/૧/૨૦૨૩ ના રોજ તેઓ તેઓની સાસરી ડીંડોલીથી તેઓના ઘરે ગોડાદરા ખાતે રહેવા સારૂ આવેલ તે વખતે કોઈ ઈસમે આઈ.ડી. બનાવી તેઓના વિશે કઈક મેસેજ વાયરલ કરેલા જે બાબતે તેઓએ ગોડાદરા પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલી. ત્યારબાદ તેઓ વિશે કોઈ ઈસમે ખોટા મેસેજ વાયરલ કરતા તેઓની બહેન કાજલબેને ફરીયાદ આપેલી અને પોલીસે તેઓની બનાવ બાબતે પુછપરછ કરેલી.

સરતપાસની જુબાનીમા ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા, પરવાનગી આપતા, સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ કે, બનાવ વિશે તેઓને કોઈ જાત માહીતી નથી. વધુમા સદર સાહેદે સ્વીકારેલ છે કે, તેઓના કોઈપણ આપતીજનક વિડીઓ કે ફોટો તેઓએ જોયેલા નથી. વધુમા સદર સાહેદે જણાવેલ કે, તેઓ પાસે એક ફોટો આવેલો પરંતુ તે તેઓનો હોવાની શંકાના આધારે ફરીયાદ દાખલ કરેલી.

(૫.૩) આ કામે પુરાવાનુ વિશ્લેષણ કરવામાં આવે તો આ કામે પોલીસે, આરોપીનો મોબાઈલ કબ્જે કરેલો તે અંગેની કોઈ વિગત અત્રેની કોર્ટ સમક્ષ આવેલ નથી. વધુમાં, સદર આરોપીના ફોનમાંથી કોઈ ફરીયાદીના કે કોઈ સાહેદના ફોટોસ મળી આવ્યા હોય તે અંગેનો પુરાવો પણ કોર્ટ સમક્ષ રજૂ થયેલ નથી. આ કામે ભોગ બનનાર સાહેદની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ પોતાની ઉલટ તપાસમા સ્વીકારે કે તેઓએ તેણીનો ફોટો હોવાની શંકા આધારે ફરીયાદ દાખલ કરેલ છે. આ સિવાય, ફરીયાદીએ પણ પોતાની ઉલટ તપાસમા જણાવેલ કે તેઓ તેણીના બહેનના કોઈ આપત્તીજનક ફોટો કે વીડીયો જોયેલા નથી.

વધુમાં, આ કામના આરોપીએ જ સદર કહેવાતો ફોટો અપલોડ કરેલ હોય તેવો કોઈ લેશમાત્ર પુરાવો અત્રેની કોર્ટના રેકોર્ડ ઉપર આવેલ નથી. આ કામના ફરીયાદી કે સાહેદોએ, જે આઈ.ડી. પરથી ફોટા અપલોડ કરવામાં

આવેલાનો આક્ષેપો પ્રથમ માહિતી અહેવાલમાં કરવામાં આવેલા છે, તે આઈ.ડી. અંગેની વિગત પણ અત્રેની કોર્ટમાં જણાવેલ નથી અને તે આઈ.ડી. આ કામના આરોપીની હોય તેવા કોઈ સચોટ પુરાવા પણ અત્રેની કોર્ટના રેકર્ડ પર રજુ રાખવામા આવેલ નથી. આ સિવાય, અત્રેની કોર્ટના રેકોર્ડ પર કહેવાતા પોસ્ટ પણ રજૂ રાખવામાં આવેલી નથી. આ કામના આરોપીએ, અન્ય કોઈ વ્યકિતની આઈ.ડી. માં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલ હોય કે આ કામના ભોગ બનનારનાઓની પરવાનગી વગર તેઓનુ કોઈ ચીત્ર જાહેર કર્યા હોય કે ભોગ બનનાર કે અન્ય કોઈ સાહેદની બદનક્ષી કરેલ હોય તે અંગેનો કોઈપણ સચોટ અને કડીબધ્ધ પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી.

(૫.૪) ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને આરોપ સામે સાંકળતી એક મેક કડી પુરવાર કરવામાં આવેલ ના હોય, ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય, માનવાલાયક અને એકબીજાને પુરક ના હોય, આરોપીની સામેનું તહોમત નિ:શંક પણે પુરવાર થતુ ના હોય, આરોપીની સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૦, ૫૦૧, ૨૯૪ (ખ), ૨૦૧ , આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) મુજબની હકીકતો પુરવાર થતી ના હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય તે રીતે નકારમાં આપી, આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા જોઈએ તેમ માનું છુ જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

આ કામના આરોપી ઈન્દર કાલુરામ પુરોહીત, રહે. ઘર નં.૨૪, પરમહંસ સોસાયટી, તુલસીભાઈના મકાનમા, ત્રિકમનગર, વરાછા, સુરત, મુળ ગામ:મામાવલી, પોસ્ટ–કાલંદ્રી, તા.જી. સિરોહી, (રાજસ્થાન)નાઓને ફોજદારી

કાર્યરીતી સંહીતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૦, ૫૦૧, ૨૯૪ (ખ), ૨૦૧, આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭, ૬૭ (એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુના સબબ આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ આપેલ બેઈલ બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ફરોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ પીરીયડ સુધી આરોપીએ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાનાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૬ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬–૦૭–૨૦૨૪

(કર્ણ અજીત મારવાહા)
ચોથા અધિક સિવિલ જજ અને
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત
જીજે–૦૧૫૫૮

સ્થળ: સુરત